Place: Gurugram Mr. Anil Kumar, Liquidator

**સુઝલોન એનર્જી લીમીટેડ**
[સીઆઈએન:એલ૪૦૧૦૦જીજે૧૯૯૫પીએલસી૦૨૫૪૪૭]
રજીસ્ટર્ડ ઓફીસ: "સુઝલોન", ૫, શ્રીમાળી સોસાયટી, શ્રી ક્રિષ્ના કોમ્પલેક્ષની બાજુમાં,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ટેલી: +૯૧-૭૯-૬૬૦૪૫૦૦૦,ફેક્સ: +૯૧-૭૯-૨૬૫૬૫૫૪૦,
વેબસાઈટ: www.suzlon.com ઈ-મેઈલ આઈડી: investors@suzlon.com

SUZLON
POWERING A GREENER TOMORROW

# ૨૪ મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ, બુક ક્લોઝર અને ઈ-વોટીંગની માહીતી

આથી નોટીસ આપવામા આવે છે કે, તારીખ ૧૪ ઓગષ્ટ ૨૦૧૯ ના રોજની એ.જી.એમ.ની નોટીસ માં ("એ.જી.એમ. નોટીસ") નક્કી કર્યા મુજબ વેપારના વ્યવહારો માટે સુઝલોન એનર્જી લીમીટેડ ("કંપની") ની ૨૪ મી વાર્ષિક સામાન્ય સભા ("એ.જી.એમ."), શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે જે.બી. ઓડીટોરીયમ, એ.એમ.એ. કોમ્પલેક્ષ, અટીરા, ડો. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે રાખવામાં આવેલ છે. કંપનીએ સ્વતંત્ર અને સંયુક્ત આધારે ૩૧ માર્ચ ૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષ માટે ઓડીટ કરેલ નાણાંકીય હિસાબોનો સમાવેશ કરતો વાર્ષિક અહેવાલ અને હિસાબનીશો અને ડાયરેકટરો (તેના એનેક્ષરો સહીત) ના અહેવાલો અને હાજરીની સ્લીપ સાથે એ.જી.એમ. નોટીસની ભૌતિક નકલો જે શેરધારકોએ તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવેલ નથી અને જે શેરધારકો એ તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવેલ છે તેઓને ઈલેકટ્રોનીક રીતે રવાના કરવાનું ૨૩ ઓગષ્ટ ૨૦૧૯ ના રોજ પુરુ કરેલ છે. મહેરબાની કરીને ધ્યાને લેશો કે, કંપનીના મૂલ્યવાન સભ્ય તરીકે, તમો તેને વિના મૂલ્યે ભૌતિક સ્વરૂપમાં માંગણી કરવા અને પ્રાપ્ત કરવા માટે હક્કદાર છો. વધુમાં, ઈ-મેઈલ મારફતે આપેલ દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.suzlon.com ઉપર ઉપલબ્ધ છે અને કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ અને કોર્પોરેટ ઓફીસ ખાતે તપાસ માટે પણ કામકાજના તમામ દિવસોએ (શનિવારો, રવિવારો અને રજાના દિવસો સિવાય) બપોરના ૨.૦૦ વાગ્યા થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી એ.જી.એમ.ની તારીખ સુધી ઉપલબ્ધ છે.

સાધારણ સભા માં હાજરી આપવા અને મત આપવા હક્કદાર સભ્ય, તેમના પોતાના બદલે મત આપવા અને હાજરી આપવા પ્રતિનિધિની નિમણુંક કરવા હક્કદાર છે અને તે પ્રતિનિધિ કંપનીનો સભ્ય હોય તે જરૂરી નથી. પ્રતિનિધિ નિયુક્ત કરતો પત્ર (સૂચવેલ ફોર્મમાં), અસરકારક થવા માટે, એ.જી.એમ. આરંભ થતા અગાઉ ઓછા માં ઓછા ૪૮ (અડતાલીસ) કલાક પહેલા કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ ખાતે જમા કરાવવા નુ આવશ્યક છે.

કંપનીઓના અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૯૧ મુજબ અને તેના હેઠળ બનેલા નિયમોને સાથે વાંચતા અને સીક્યુરીટીસ અને એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડીસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (ધી લીસ્ટીંગ રેગ્યુલેશન્સ) ના રેગ્યુલેશન ૪૨ ને સાથે વાંચતા, આથી નોટીસ આપવામા આવે છે કે, કંપની ના સભ્યો ના રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુક એ.જી.એમ. હેતુ માટે શનિવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૯ થી શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૯ (બન્ને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

કંપનીઓના અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૮ ની પૂર્તતા સાથે વાંચતા તેના હેઠળ બનેલા નિયમો અને લીસ્ટીંગ રેગ્યુલેશનોના નિયમ ૪૪ સાથે વાંચતા, કંપનીએ કંપનીના શેરધારકોને એ.જી.એમ. સ્થળ સિવાય અન્ય સ્થળ ઉપરથી ઈલેકટ્રોનીક મત ("રીમોટ ઈ-વોટીંગ") પદ્ધતિની સગવડ પૂરી પાડવા માટે કાર્વી ફિંટેક પ્રાઈવેટ લીમીટેડ ("કાર્વી")ની સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે. રીમોટ ઈ-વોટીંગના સંદર્ભમાં શેરધારકોને નીચે મુજબ ની માહીતી પુરી પાડવામાં આવી રહી છે:

૧. શેરધારકો રીમોટ ઈ-વોટીંગનો ઉપયોગ કરી એ.જી.એમ. નોટીસમાં નક્કી કરેલ તમામ ઠરાવો ઉપર તેઓનો મત આપી શકશે.

૨. શેરધારકો/લાભ મેળવનાર માલીકોના ઈ-વોટીંગ હક્કો, તારીખ ૧૩ મી સપ્ટેમ્બર ૨૦૧૯ કટ ઓફ ડેટ હોઈ ત્યા સુધી ધારણ કરેલ ઈક્વીટી શેરો ઉપર થી નક્કી કરવામાં આવશે. વિભૌતિકરણ થયેલ કે ભૌતિક સ્વરૂપમાં કટ ઓફ તારીખે શેર ધરાવતા કંપનીના શેરધારકો, રીમોટ ઈ-વોટીંગ તેમજ એ.જી.એમ. માં મત આપવાની સગવડ માટે હક્કદાર રહેશે.

૩. ઈ-વોટીંગનો સમયગાળો મંગળવાર, ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે આરંભ થશે અને ગુરૂવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ સાંજના ૫.૦૦ વાગ્યે પુરો થશે, ત્યારબાદ, મતદાનની મંજુરી આપવામાં આવશે નહીં અને ત્યારબાદ ઈ-વોટીંગ મોડ્યુલ કાર્વી દ્વારા મતદાન માટે સ્થગિત કરવામાં આવશે.

૪. એ.જી.એમ. નોટીસ રવાના થયા પછી અને કટ ઓફ તારીખ એટલે કે ૧૩ મી સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી જે વ્યક્તિ એ શેર પ્રાપ્ત કરેલ છે અને કંપનીનો શેરધારક બનેલ છે, તે નીચે દર્શાવેલ રીતે લોગીન આઈડી અને પાસવર્ડ પ્રાપ્ત કરી શકશે;

   I. જો સભ્ય નો મોબાઈલ નંબર, Folio No. / DP ID Client ID સામે નોંધાયેલ હોય તો તે સભ્ય MYEPWD<space>DP ID Client ID અથવા Event No. (એટલે કે ૪૮૧૪)+Folio No. 9212993399 ઉપર SMS મોકલી શકે છે.

   ii. જો સભ્યનો Email કે મોબાઈલ નંબર Folio No. / DP ID Client ID સામે નોંધાયેલ હોય તો, સભ્ય https://evoting.karvy.com ના હોમપેજ ઉપર, "Forgot Password" ક્લીક કરી ને Folio No. / DP ID Client ID અને PAN એન્ટર કરી પાસવર્ડ પ્રાપ્ત કરી શકશે.

૫. મત આપવા માટે મતદાન ની સગવડ એ.જી.એમ. ખાતે પણ ઉપલબ્ધ કરાવાશે અને શેરધારકો કે જેઓએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગ દ્વારા આપેલ નથી, તેઓ એ.જી.એમ. ખાતે તેમનો મત આપવાના હક્કનો ઉપયોગ કરવા સમર્થ રહેશે. જે શેરધારકોએ એ.જી.એમ. પહેલા રીમોટ ઈ-વોટીંગ દ્વારા મત આપેલ છે તેઓ એ.જી.એમ. મા હાજરી આપી શકશે પરંતુ ફરીથી મત આપવા હક્કદાર રહેશે નહીં.

૬. ઈ-વોટીંગ માટે ની કાર્યવાહીનો સમાવેશ કરતી એ.જી.એમ.ની નોટીસ, કાર્વીની વેબસાઈટ https://evoting.karvy.com અને કંપનીની વેબસાઈટ www.suzlon.com ઉપર પણ પ્રદર્શિત કરેલ છે.

૭. કોઈપણ પ્રશ્ન હોય તેવા કિસ્સામાં, https://evoting.karvy.com ના ડાઉનલોડ વિભાગ ઉપર શેરધારકો માટે ફ્રીકવન્ટલી આસ્કડ ક્વેશ્ચ્યન (FAQs) અને ઈ-વોટીંગ યુઝર મેન્યુઅલ ઉપલબ્ધ છે જે આપ જોઈ શકો છો. તેમ છતા કોઈપણ ફરીયાદ હોય તેવા કિસ્સામાં, આપ શ્રી ગણેશ ચંદ્ર પાત્રો, સીનીયર મેનેજર, કાર્વી ફિંટેક પ્રાઈવેટ લીમીટેડ, એકમ: સુઝલોન એનર્જી લીમીટેડ, કાર્વી સેલેનીયમ, ટાવર-બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ગાચીબાવલી, ફાયનાન્સીયલ ડીસ્ટ્રીક્ટ, નાનક્રમગુડા, હૈદરાબાદ-૫૦૦૦૩૨ નો ૦૪૦-૬૭૧૬૨૨૨૨ ઉપર અથવા ૧૮૦૦-૩૪૫૪-૦૦૧ (નિ:શુલ્ક) ઉપર, ઈ-મેઈલ: einward.ris@karvy.com ઉપર સંપર્ક કરી શકો છો.

૮. વ્યાજબી અને પારદર્શી રીતે મતદાન સંચાલન કરવા માટે કંપની સેક્રેટરી તરીકે કાર્યરત શ્રી રવી કપુર ની તપાસકરનાર તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

સુઝલોન એનર્જી લીમીટેડ વતી
સહી

૨૭ ઓગષ્ટ ૨૦૧૯ — હેમલ એ. કાનુગા,
અમદાવાદ — કંપની સેક્રેટરી.

નોંધ :- શેર ધારકો જેઓએ હજુ સુધી કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ કાર્વી સાથે ભૌતિક ખાતાઓના સંદર્ભમાં અને લાગતા વળગતા થાપણ રાખનાર સહભાગીઓ મારફતે ઈલેકટ્રોનીક ખાતાઓના સંદર્ભમાં હજુ સુધી તેઓના ઈ-મેલ એડ્રેસ નોંધાવેલા નથી તેમને જલ્દીથી તે નોંધાવવા અથવા તેની નોંધણી કરાવવા વિનંતી છે.

**Corrigendum:**

Reference: Wrong publication of Suzlon company's AGM notice in all FE editions on 28th August 2019
Due to some technical reason, we could not publish the correct AGM Notice advertisement provided by Suzlon in all editions of Financial Express on 28.08.19 and unfortunately, we published old notice advertisement of 2017 instead of 2019. The correct notice is published hereinabove. We regret the lapse.

Financial Express

Financial Express - Gujarati - 29/8/19